
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ - ૩૮૮ ૧૧૦

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ - ૩૬૨ ૦૦૧

NAVSARI AGRICULTURAL UNIVERSITY
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી - ૩૯૬ ૪૫૦

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી
સરદારકૃષિનગર - ૩૮૫ ૫૦૬

# ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓ (આણંદ, જૂનાગઢ, નવસારી અને સરદારકૃષિનગર)માં ચાલતા ધોરણ-૧૦ (એસ.એસ.સી.) પછીના પોલિટેકનીક કક્ષાના અભ્યાસક્રમોની સંક્ષિપ્ત માહિતી




કુલસચિવશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ૩૮૮૧૧૦
ફોન (૦૨૬૯૨) ૨૬૧૩૧૦

# ધોરણ-૧૦ (એસ.એસ.સી.) પછીના પોલીટેકનિક કક્ષાના અભ્યાસક્રમોની વિગત

| પોલિટેકનીક અભ્યાસક્રમ | યુનિવર્સિટીનું નામ | કોલેજનું નામ | પ્રવેશ લાયકાત |
|---|---|---|---|
| એગ્રીકલ્ચર (૬ સેમેસ્ટર/૩ વર્ષ) | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | એસ.એમ.સી. પોલિટેકનીક ઈન એગ્રિકલ્ચર, આણંદ<br>પોલિટેકનીક ઈન એગ્રિકલ્ચર, વસો | ◆ પ્રવેશ માટે પ્રવર્તમાન નિયમોનુસાર અરજદારે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ GSEB અથવા માન્યતા પ્રાપ્ત બોર્ડ જેવા કે સેન્ટ્રલ બોર્ડ CBSE, કાઉન્સીલ ઓફ ઈન્ડીયન સ્કૂલ ઓફ સર્ટિફિકેટ એકઝામીનેશન બોર્ડ, નવી દિલ્હી, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલીંગ, આંતરરાષ્ટ્રીય શાળા, મહારાષ્ટ્ર રાજ્ય શિક્ષણ બોર્ડ, દ્વારા લેવાયેલ ધોરણ-૧૦ની પરીક્ષા ગુજરાતી, વિજ્ઞાન અથવા વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજીક વિજ્ઞાન, સમાજ વિદ્યા અને અંગ્રેજી વિષયો સાથે ગુજરાત રાજયમાં આવેલ શાળામાંથી અંગ્રેજી વિષય સાથે પાસ કરેલ હોય તો જ પ્રવેશ મળવાપાત્ર છે.<br>◆ ધોરણ ૧૦ માં B-ગૃપની પોલિટેકનીક (કૃષિ/બાગાયત કૉમ્યુનિટી સાયન્સ એન્ડ ન્યુટ્રીશન) માટે સ્ટાન્ડર્ડ ગણિત તથા બેઝીક ગણિત વિષય સાથે પાસ કરેલ હોય તો જ પ્રવેશ મળવાપાત્ર છે.<br>◆ દિવ્યાંગજન તથા અનામત કેટેગરીના ઉમેદવારો માટે સરકારશ્રીના નિયમો મુજબ પ્રવેશ આપવામાં આવે છે. |
| | જૂનાગઢ કૃષિ યનિવર્સિટી, જૂનાગઢ | પોલિટેકનીક ઈન એગ્રિકલ્ચર, ધારી<br>પોલિટેકનીક ઈન એગ્રિકલ્ચર, સીદસર<br>પોલિટેકનીક ઈન એગ્રિકલ્ચર, હળવદ | |
| | સરદારકૃષિનગર દાંતિવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર | પોલિટેકનીક ઈન એગ્રિકલ્ચર, ડીસા<br>પોલિટેકનીક ઈન એગ્રિકલ્ચર, ખેડબ્રહમા<br>પોલિટેકનીક ઈન એગ્રિકલ્ચર, અમીરગઢ | |
| | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | પોલિટેકનીક ઈન એગ્રિકલ્ચર, ભરૂચ<br>પોલિટેકનીક ઈન એગ્રિકલ્ચર, વ્યારા<br>પોલિટેકનીક ઈન એગ્રિકલ્ચર, વઘઈ | |
| હોર્ટિકલ્ચર (૬ સેમેસ્ટર/૩ વર્ષ) | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | પોલિટેકનીક ઈન હોર્ટીકલ્ચર, વડોદરા | |
| | જૂનાગઢ કૃષિ યનિવર્સિટી, જૂનાગઢ | પોલિટેકનીક ઈન હોર્ટીકલ્ચર, જૂનાગઢ | |
| | સરદારકૃષિનગર દાંતિવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર | પોલિટેકનીક ઈન હોર્ટીકલ્ચર, જગુદણ | |
| | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | પોલિટેકનીક ઈન હોર્ટિકલ્ચર, નવસારી<br>પોલિટેકનીક ઈન હોર્ટિકલ્ચર, પરીયા | |
| ન્યૂટ્રિશન એન્ડ કોમ્યુનિટી સાયન્સ (૬ સેમેસ્ટર/૩ વર્ષ) | સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર | પોલિટેકનીક ઈન ન્યૂટ્રિશન એન્ડ કોમ્યુનિટી સાયન્સ, સરદારકૃષિનગર | |

| પોલિટેકનીક અભ્યાસક્રમ | યુનિવર્સિટીનું નામ | કોલેજનું નામ | પ્રવેશ લાયકાત |
|---|---|---|---|
| એગ્રિકલ્ચર એન્જિનિયરિંગ (૬ સેમેસ્ટર/૩ વર્ષ) | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | પોલિટેકનીક ઈન એગ્રિ. એન્જી., દાહોદ | ◆ પ્રવેશ માટે પ્રવર્તમાન નિયમોનુસાર અરજદારે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ GSEB અથવા માન્યતા પ્રાપ્ત બોર્ડ જેવા કે સેન્ટ્રલ બોર્ડ CBSE, કાઉન્સીલ ઓફ ઈન્ડીયન સ્કૂલ ઓફ સર્ટિફિકેટ એકઝામીનેશન બોર્ડ, નવી દિલ્હી, નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઓપન સ્કૂલીંગ, આંતરરાષ્ટ્રીય શાળા, મહારાષ્ટ્ર રાજ્ય શિક્ષણ બોર્ડ, દ્વારા લેવાયેલ ધોરણ-૧૦ની પરીક્ષા ગુજરાતી, વિજ્ઞાન અથવા વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજીક વિજ્ઞાન, સમાજ વિદ્યા અને અંગ્રેજી વિષયો સાથે ગુજરાત રાજયમાં આવેલ શાળામાંથી અંગ્રેજી વિષય સાથે પાસ કરેલ હોય તો જ પ્રવેશ મળવાપાત્ર છે.<br>◆ ધોરણ-૧૦ માં A-ગૃપની પોલિટેકનીક (કૃષિ ઈજનેરી/ એગ્રો પ્રોસેસીંગ/ફૂડ ટેકનોલોજી એન્ડ ન્યૂટ્રિશન) માટે સ્ટાન્ડર્ડ ગણિત વિષય સાથે પાસ કરેલ હોય તો જ પ્રવેશ મળવાપાત્ર છે.<br>◆ દિવ્યાંગજન તથા અનામત કેટેગરીના ઉમેદવારો માટે સરકારશ્રીના નિયમો મુજબ પ્રવેશ આપવામાં આવે છે. |
| | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | પોલિટેકનીક ઈન એગ્રિ. એન્જી., ડેડીયાપાડા | |
| | જૂનાગઢ કૃષિ યનિવર્સિટી, જૂનાગઢ | પોલિટેકનીક ઈન એગ્રિ. એન્જી., તરઘડીયા | |
| એગ્રો પ્રોસેસિંગ (૬ સેમેસ્ટર/૩ વર્ષ) | જૂનાગઢ કૃષિ યનિવર્સિટી, જૂનાગઢ | પોલિટેકનીક ઈન એગ્રોપ્રોસેસીંગ, જૂનાગઢ | |
| ડિપ્લોમા ફૂડ ટેકનોલોજી એન્ડ ન્યૂટ્રિશન (૬ સેમેસ્ટર/૩ વર્ષ) | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | ફૂડ સાયન્સ એન્ડ હોમ ઈકોનોમીકસ પોલિટેકનીક, આણંદ | |

- પોલિટેકનીક અભ્યાસક્રમો માટે ધો.-૧૦ નું પરીણામ જાહેર થયા બાદ કૃષિ યુનિવર્સિટીઓની કોમન પ્રવેશની વેબ સાઈટ http://gsauca.inઅથવા http://poly.gsauca.in પર તથા અગ્રણી ગુજરાતી દૈનિક વર્તમાનપત્રોમાં પ્રવેશ અંગેની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવે છે. ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં ચાલતા તમામ પોલિટેકનીક અભ્યાસક્રમો માટે ઓનલાઈન પ્રવેશ પદ્ધતિથી એક જ પ્રવેશ ફોર્મ ભરવાનુ રહે છે.
- ઉપરોક્ત પોલિટેકનીક અભ્યાસક્રમોમાં કેન્દ્રિય ધોરણે પ્રવેશ આપવામાં આવે છે, તેથી મેરીટક્રમ મુજબ ગુજરાતની જે તે કૃષિ યુનિવર્સિટીમાં ચાલતા પોલિટેકનીક અભ્યાસક્રમોમાં પ્રવેશ મળવાપાત્ર છે. રાજ્ય કૃષિ યુનિવર્સિટી હસ્તકની દરેક પોલિટેકનીકની પ્રવેશ ક્ષમતા ૪૦ રાખવામાં આવેલ છે.
- આણંદ, નવસારી, સરદારકૃષિનગર, જૂનાગઢ કેન્દ્ર ખાતે સંપૂર્ણ સુવિધાયુક્ત યુનિવર્સિટી લાઈબ્રેરી પણ આવેલ છે. જેમાં દરેક વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને અભ્યાસમાં જરૂરી એવા પુસ્તકો, સામયિકો ઉપલબ્ધ છે. આ ઉપરાંત ઈન્ટરનેટ ફેસેલીટી સાથેની ઈ-લાઈબ્રેરી તથા લેંગ્વેજ લેબ પણ ઉપલબ્ધ છે.
- તમામ પોલિટેકનીક અભ્યાસક્રમો અંગ્રેજી માધ્યમમાં ચલાવવામાં આવે છે. પ્રવેશ માટે ગુજરાત સરકારના ધારાધોરણો મુજબ પ્રવેશની લઘુત્તમ લાયકાત તથા અનામત બેઠકો રાખવામાં આવે છે. પોલિટેકનીક ઈન એગ્રિકલ્ચર તથા પોલિટેકનીક ઈન હોર્ટિકલ્ચર કોર્સમાં ખેડૂતપુત્રો/ પુત્રીઓને મેરીટમાં વધારાના ૫ ટકા ઉમેરવામાં આવે છે. તમામ અભ્યાસક્રમોમાં કન્યાઓને ટયૂશન ફી તથા હોસ્ટેલ ફી માંથી મુકિત આપવામાં આવે છે.
- ઉપરોક્ત દરેક અભ્યાક્રમોમાં હોસ્ટેલમાં રહેવુ ફરજીયાત છે. દરેક પોલિટેકનીક માટે સુવિધાયુક્ત હોસ્ટેલ ઉપલબ્ધ છે. હોસ્ટેલ મેનેજમેન્ટ માટે રેકટરની સીધી દેખરેખ હેઠળ ભોજનાલયની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

- વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે વિશાળ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ બનાવવામાં આવેલ છે. જેમાં ક્રિકેટ ગ્રાઉન્ડ, વોલીબોલ ગ્રાઉન્ડ, ખોખો ગ્રાઉન્ડ, બાસ્કેટબોલ ગ્રાઉન્ડ, જીમ્નેશીયમ, ટેબલ ટેનીસ અને બેડમીન્ટન કોર્ટ તથા ઈન્ડોર ગેઈમ્સ માટે પણ પુરતી સુવિધાઓ ઉપલબ્ધ છે.આવી રમતોમાં આંતર યુનિવર્સિટી કક્ષાની સ્પર્ધાઓ યોજવામાં આવે છે. આ ઉપરાંત એનએસએસ યુનિટો દ્વારા વિદ્યાર્થીઓમાં સેવા, સમર્પણ અને રાષ્ટ્ર ભાવનાનુ ઘડતર પણ કરવામાં આવે છે.
- સાંસ્કૃતિક કાર્યક્રમો, વકૃત્વ સ્પર્ધાઓ કે અન્ય સમારંભો માટે સુવિધાયુકત ઓડિટોરિયમ ઉપલબ્ધ છે.

## ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં ચાલતા વિવિધ પોલિટેકનીક કક્ષાના અભ્યાસક્રમો પૂર્ણ કર્યા બાદ નીચે મુજબ રોજગારીની તકો રહેલ છે

| સરકારી ક્ષેત્રે | ખાનગી ક્ષેત્રે |
|---|---|
| **કૃષિ અને બાગાયત** | |
| • કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના વિભાગો<br>• કૃષિ યુનિવર્સિટીઓ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો<br>• રાજ્ય સરકારના ખેતીવાડી વિભાગ, બાગાયત વિભાગ<br>• રાજ્ય બીજ નિગમ<br>• રાષ્ટ્રીયકૃત બેંકો, સહકારી બેંકો, સહકારી સં સ્થાઓ<br>• વીમા કંપનીઓ, ઈફકો, કૃભકો, જીએસએફસી, જીએનએફસી, એન.જી.ઓ., આત્મા પ્રોજેક્ટ, જી.જી.આર સી. વગેરે | • પેસ્ટીસાઈડ કંપનીઓ, ફર્ટીલાઈઝર કંપનીઓ, સીડ કંપનીઓ<br>• માઈક્રોઈરીગેશનના સાધનો બનાવતી કંપનીઓ<br>• ફૂડ પ્રોસેસીંગ અને ફૂડ એક્ષપોર્ટ કરતી કંપનીઓ<br>• લેન્ડસ્કેપ એન્ડ ગાર્ડનીંગ સેક્ટર<br>• એગ્રી ક્લીનીક, એગ્રી બિઝનેસ સેન્ટર, એગ્રો સર્વિસ સેન્ટર વગેરે.<br>• સજીવ ખેતી તેમજ પ્રાકૃતિક ખેતી માટેના ઈનપુટ બનાવનાર કંપનીઓ |

| સરકારી ક્ષેત્રે | ખાનગી ક્ષેત્રે |
|---|---|
| **કૃષિ ઈજનેરી** | |
| ◆ કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના વિભાગો<br>◆ કૃષિ યુનિવર્સિટીઓ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો<br>◆ ખાનગી બેંકો, સહકારી સંસ્થાઓ<br>◆ વીમા કંપનીઓ, એન.જી.ઓ., આત્મા પ્રોજેક્ટ, જી.જી.આર.સી. વગેરે<br>◆ સરદાર સરોવર નર્મદા વિભાગ લીમીટેડ<br>◆ રાષ્ટ્રીય બીજ નિગમ<br>◆ રાષ્ટ્રીય ખાદ્ય નિગમ<br>◆ ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રી<br>◆ જમીન વિકાસ નિગમ<br>◆ FSSAI | ◆ ઈરીગેશન અને માઈક્રોઈરીગેશનના સાધનો બનાવતી કંપનીઓ<br>◆ ટ્રેક્ટર તથા તેને સંલગ્ન સાધનો (ખેત ઓજારો) બનાવતી વિવિધ કંપનીઓ<br>◆ ફૂડ પ્રોસેસીંગ અને ફૂડ એક્ષપોર્ટ કરતી કંપનીઓ<br>◆ જળ અને જમીનને લગતી કામગીરીઓ કરતાં NGOs<br>◆ વોટરશેડ, રિમોટ સેન્સીંગ અને જીઆઈએસ બેઝડ કામગીરી કરતી કંપનીઓ<br>◆ રિન્યુએબલ એનર્જીને લગતા એકમો |
| **ડિપ્લોમા ઇન ફૂડ ટેક્નોલોજી એન્ડ ન્યુટ્રિશિયન** | |
| ◆ ફૂડ ટેકનોલોજી/ન્યુટ્રીશન/હોમ સાયન્સ વગેરેની શાળા/કોલેજમાં લેબોરેટરી આસીસ્ટન્ટ<br>◆ ન્યુટ્રીશન વિષયક સરકારી યોજનાઓ/ ICDS/મધ્યાહન ભોજન યોજનામાં ન્યુટ્રિશનિસ્ટ તરીકે | ◆ ફૂડ ઈન્ડસ્ટ્રીસમાં ફૂડ ટેકનોલોજીસ્ટ<br>◆ હેલ્થ ફૂડ ઈન્ડસ્ટ્રીસ (હેલ્થ ડ્રીંકસ, ન્યુટ્રાસ્યુટીકલ, સ્પોર્ટસ ફૂડ, બેબી ફૂડ)માં ન્યુટ્રીશન એક્સ્પર્ટ<br>◆ હોસ્પીટલ, જીમ, હેલ્થ કલબ, રીસોર્ટમાં ડાયેટીશીયન<br>◆ ફૂડ ઈન્ડસ્ટ્રીયલ પ્લાન્ટ ઉભો કરી પોતાનો ધંધો સ્થાપવો (સ્વરોજગાર)<br>◆ ડાયેટીશીયન/ન્યુટ્રીશન કન્સલ્ટન્ટ/ ડાયેટેટિક કિલનિક/હેલ્થ કલ્બ તરીકે પોતાનો વ્યવસાય |

આ ઉપરાંત વધારાની માહિતી માટે www.aau.in અને www.gsauca.inની મુલાકાત લેવી અથવા નીચેના નંબર પર સંપર્ક કરવો.

| ક્રમ | યુનિવર્સિટીનું નામ | હોદ્દો | ફોન નં. |
|---|---|---|---|
| ૧ | આણંદ કૃષિ યુનિવર્સિટી-૩૮૮૧૧૦ | મદદનીશ કુલસચિવ(એકેડેમીક) | ૦૨૬૯૨-૨૬૪૪૬૨ |
| ૨ | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી-૩૬૨૦૦૧ | મદદનીશ કુલસચિવ(એકેડેમીક) | ૦૨૮૫-૨૬૭૨૦૮૦-૯૦ |
| ૩ | નવસારી કૃષિ યુનિવર્સિટી- ૩૯૬૪૫૦ | મદદનીશ કુલસચિવ(એકેડેમીક) | ૦૨૬૩૭-૨૮૨૭૮૬ |
| ૪ | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી-૩૮૫૫૦૬ | મદદનીશ કુલસચિવ(એકેડેમીક) | ૦૨૭૪૮-૨૭૮૨૨૯ |

પ્રકાશન શ્રેણી નં. GEN- ૧:૫૧:૨૦૨૩:૧૦૦૦૦